જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૧/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૬	૦	૧૨૬	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૬૨૨૨	૧૨૧	૭૬૩૪૩	૭૭૩૩૦	૧૨૧	૭૭૪૫૧
કુલ		૯૨૮૧૯	૧૨૧	૯૨૯૪૦	૧૦૧૮૫૭	૧૨૧	૧૦૧૯૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૪,૩૫,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૯૭	૧૧,૯૭,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

મિલકત સબંધી તથા શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા ક્રિષ્ના ઉર્ફે ચીંટુ ગોવિંદભાઇ પટણી ઉ.વ.૨૧ રહે, મ.નં.૪૧ ગંગાનગર સોસાયટી ઠક્કરબાપાનગર બસ સ્ટેન્ડ પાસે, ઠક્કરનગર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૩૦૭/૨૦૨૦ ઈપીકો ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૩૧૩/૨૦૨૦ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૬, ૪૨૭, ૨૯૪(ખ) મુજબ તથા (૩) શહેરકોટડા પો.સ્ટે.ગુ,ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૦૮૧૮/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯એ(૩), ૧૧૪ મુજબ તથા (૪) નિકોલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૦૧૦૯/૨૦૨૦ ઇપીકો કલમ ૩૯૭, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ તથા (૫) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૮૨૩/૨૧ ઇપીકો કલમ ૩૦૭, ૩૩૩, ૩૩૭, ૩૫૩, ૧૮૬, ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ (૬) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૮૨૪/૨૧ ઇપીકો કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૦૯/૨૦૨૨ તા.૦૨/૦૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૨/૦૧/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે પાસા અટકાયતી તરીકે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશન પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી નીચે મુજબના આરોપીઓ વિરૂદ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી આરોપી દિલીપભાઇ ડાહ્યાભાઇ જાતે ચુનારા ઉ.વ.૫૮ રહે .કલરટેક્ષ કંપનીની સામે છાપરામા ગેસ ગોડાઉનની પાછળ ખજુરીબસ સ્ટેશન પાસે નારોલ અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૨/૨૦૨૨ તા.૦૨/૦૧/૨૦૨૨ થી પાસા હુકમની કલાક.૨૧/૦૦ વાગે બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૪૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭/૨૦૨૨**

શહેરકોટડાઃ અમિતભાઇ તુલારામસિંહ તોમર (ઉ.વ.૩૩) (રહે. દિલ્લીવાળી ચાલી ફુટ માર્કેટ સામે નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અમિતભાઇ તોમરનો પુત્ર ડીકોલોનીની બાજુમાં આવેલ ટેકરાવાળી ચાલી વિભાગ-૦૧ ના નાકે કૂલ જોગણીમાતાના મંદિર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યો હતો ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષોએ અમિતભાઈ તોમરના પુત્રને રોકી તેની પાસેથી વીવો કંપનીનો વાય-૩૦ મોડલનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને ખિસામાંથી રોકડ રૂપિયા ૧૨૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ જુજારસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮/૨૦૨૨**

નિકોલઃ અજયભાઇ વલ્લભભાઇ વસાણી (ઉ.વ.૨૬) (રહે. સાકાર રેસીડેન્સી નિકોલ નરોડા રોડ) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૧/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે નિકોલ કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નંબર-૫ ઉપર આવેલ વિકટોરીયા એસ્ટેટમાં વિહાના એંજીનીંયરીંગ નામના શેડમાં મશીનરી ઉંચકવાની ક્રેનના હુક સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી.કે.વી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.